# ૫મી માર્ચથી ધો. ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે

## સાબરકાંઠામાં ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે : ૧૩૬ બિલ્ડીંગોમાં સીસીટીવી કેમેરા બાજ નજર રાખશે

હિંમતનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા આગામી તા. ૫ માર્ચ ૨૦૨૦થી શરૂ થનાર છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ત્રણેય વિદ્યાશાખાઓના મળી અંદાજે ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે જેના માટે જિલ્લાની વિવિધ સ્કૂલો દ્વારા અગાઉથી જ પરીક્ષા ફોર્મ ભરીને બોર્ડને મોકલી આપવામાં આવ્યા હતા. પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી થાય નહી તે માટે વહીવટીતંત્ર દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા ગોઠવવા માટે સ્થાનિક સ્કૂલોને આદેશ કરી દેવામાં આવ્યા છે. ધો. ૧૦ અને ૧૨ની આ જાહેર પરીક્ષાઓ તા. ૨૫ માર્ચના રોજ પૂર્ણ થશે. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓમાં રેગ્યુલર અને રીપીટરનો પણ સમાવેશ થઈ જાય છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસના જણાવાયા મુજબ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આગામી તા. ૫ મી માર્ચથી સમગ્ર ગુજરાતમાં શરૂ થનાર છે ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલી ધો. ૧૦ અને ૧૨ની સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના મળીને અંદાજે ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે. જે વિદ્યાર્થીઓ અત્યારે તનતોડ મહેનત કરીને પોતાના કારકિર્દી વર્ષમાં સારો દેખાવ કરવા માટે અથાગ પ્રવાસ કરી રહ્યા છે.

ધો. ૧૦ની વાત કરીએ તો આ વર્ષે ધો. ૧૦ માં ૬૯૧૬૨ વિદ્યાર્થીઓ સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત પરીક્ષા કેન્દ્રોના ૭૮ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બેઠક વ્યવસ્થા માટે ૯૭૫ બ્લોક તૈયાર કરાયા છે. જે પૈકી ૯૭૧ બ્લોકમાં સીસીટીવી કાર્યરત રહેશે. તથા તમામ પરીક્ષા દરમ્યાન સ્થાનિક અને વિજીલન્સ સ્કોર્ડના અધિકારીઓ બાજ નજર રાખીને ચોરી ન થાય તેનું ખાસ ધ્યાન રાખશે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના અન્ય સ્થળે પરીક્ષા આપનાર અંદાજે ૧૧૧૬૦ પરીક્ષાર્થીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના માર્ગદર્શન હેટળ ૪૦ બિલ્ડીંગોમાં ૩૭૨ બ્લોકમાં બેઠક વ્યવસ્થાને તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવાયો છે. અને તેના માટે જિલ્લા કલેકટર તથા અન્ય સંલગ્ન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તબક્કાવાર બેઠકો યોજીને પરીક્ષામાં સાબરકાંઠાનું નામ બગડે નહીં તે માટે વિચારવિમર્શ કરીને આયોજન કરી દેવાયું છે.

હોંશિયાર તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ખુબજ અગત્યની ગણાતી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આ વર્ષે અંદાજે ૨૯૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે ત્યારે તેમના માટે બોર્ડ નક્કી કરેલા પરીક્ષા કેન્દ્રોના ૧૮ બિલ્ડીંગોના ૧૭૬ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના તમામ બ્લોકમાં બોર્ડના નિયત મુજબ સીસીટીવી કેમેરા ફરજીયાત કરાયા છે. જેની ચકાસણી જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા અગાઉથી જ કરી લેવામાં આવી હતી.

# મોડાસાના ખલીકપુર બસ સ્ટેશન આગળ ઓથોરાઈઝ મીડિયન કટ (ડિવાઈડર) બનાવવા ઉગ્ર માંગ

મોડાસા, તા. ૨૪

મોડાસા શહેરમાંથી પસાર થતો શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ-૫ પર સહયોગ બાયપાસ ચોકડીથી લોકો ૨ કીમીનો ધક્કો ખાવો ન પડે તે માટે મજબૂરીવશ રોંગ સાઈડનો સહારો લેતા હોવાથી અનેકવાર નાના-મોટા અકસ્માતનો ભોગ બની રહ્યા ભોગ બનવાની પુરેપુરી સંભાવના રહેલી હોવાથી ખલીકપુર બસસ્ટેન્ડ નજીક ઓથોરાઈઝ મીડિયન કટ (ડિવાઈડર) બનાવવામાં



આનંદપુરા કંપા સુધીના રોડ પર ઓથોરાઈઝ મીડિયન કટ (ડિવાઈડર) ન હોવાથી રોડની બંને બાજુએ આવેલી રહેણાંક સોસાયટીના લોકોને અવર-જવર માટે ૨ કિલોમીટરનો ધરમ ધક્કો ખાવો પડે છે. સોસાયટી વિસ્તારમાં રહેતા છે, બીજીબાજુ મોડાસા શહેરમાં નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત ઈ-મેમોની શરૂઆત પણ મોડાસા શહેરમાં થતા સહયોગ ચોકડીએ નાખેલ સીસીટીવી કેમેરામાં રોંગ સાઈડે મજબૂરીવશ આવતા વાહનચાલકો ઈ-મેમાનો આવેની માંગ લોકોમાં પ્રબળ બની છે અને આ અંગે જાગૃત નાગરિકોએ મુખ્યમંત્રી, કલેકટર અને જવાબદાર તંત્રમાં રજુઆત કરવાની તૈયારી હાથ ધરી છે.

મોડાસા શહેરના માલપુર રોડ સહયોગ ચોકડીથી આનંદપુરા કંપા સુધી રોડની બંને બાજુએ ૩૦ થી વધુ રહેણાંક સોસાયટીઓ અને વિવિધ ફ્લેટ આવેલા છે જેમના રહીશોને અવર-જવર કરવા માટે રોંગ સાઈડનો સહારો લેવો પડે છે અને રાઈટ સાઈડ જવા માટે સહયોગ ચાર રસ્તાથી આનંદપુરા કમ્પા સુધી બે કિલોમીટર સુધીમાં વચ્ચેમાં ઓથોરાઈઝ મીડિયન કટ આપેલો નથી જેથી બે કિલોમીટર દૂર જવું પડે છે અને રોંગ સાઈડ અવજજવર કરવામાં અકસ્માત અને વિહિકલને આરટીઓ તેમજ પોલીસના મેમો મળતા હોવાથી ખલીકપુર બસસ્ટેન્ડ નજીક કે પછી તેની આજુબાજુ આવેલ સોસાયટી પાસે જવાબદાર તંત્ર દ્વારા ઓથોરાઈઝ મીડિયન કટ (ડિવાઈડર) બનાવવામાં આવેની ઉગ્ર માંગ સોસાયટીના રહીશોમાં પ્રવર્તી રહી છે.

# કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે જુગાર રમતા સાત શકુનીયા ઝડપાયા

કાંકરેજ તાલુકાની શિહોરી પોલીસ દ્વારા ખીમાણા ગામમાં પટ્રોલિંગ દરમિયાન જુગાર રમતા શકુનિયો પર તપાસ કરતા જુગાર રમતા શકુનિયો ઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા જેમાં (૧) રમેશ પુમાભાઇ (૨) ભયાજી સોનાજી પરમાર (૩) ચેહાજી જીવનજી(૪) ભગવાન સિંહ મણાજી(૫) પ્રહલાદભાઈ સોમાભાઈ વાલ્મીકિ (૬) ડાયાભાઈ ભાયચંદભાઈ વાલ્મીકિ (૭), શૈલેષ મગનજી પરમાર તમામ રહે ખીમાણા સાત જાણ ને હારજીત નો ગંજીપાના વડે જુગાર રમતાં ઝડપી પાડી જેમની પાસ થી

જુગારનું સાહિત્ય સહિત પાંચ મોબાઈલ ફોન તેમજ ત્રણ મોટર સાયકલ સહિત કુલ મળીને ૫૩૧૦૦ રૂપિયા ના મુદ્દામાલ કબજે કરાયો હતો શિહોરી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુનો નોંધાયો હતો જેની તપાસ હેડ કોન્ટબ્લ પ્રહલાદસિંહ ઠાકોર ચલાવી રહ્યા છે.

# ધનસુરા તાલુકાની આકરુન્દ પ્રાથમિક શાળામાં જૈવિક ખેતી કરાય છે

ધનસુરા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાની આકરુન્દ પ્રાથમિક શાળામાં જૈવિક ખેતી



કરાય છે. શાળામાં ઓર્ગેનિક ખેતી કરવામાં આવે છે અને જેમાંથી પાકતી શાકભાજીનો ઉપયોગ મધ્યાહન ભોજનમાં કરવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ નવતર પ્રયોગ શરૂ કર્યો છે. જેમાં શાળામાં મેથી, મૂળા, પાલક, રીંગણ, ડુંગળી, ધાણાની કોઈ પણ જાતની રાસાયણિક ખાતર વગર ખેતી કરવામાં આવે છે. ઈશાળામાં પર્યાવરણ પ્રયોગશાળા હેઠળ આ નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે.

આ જૈવિક ખેતી નિમેષભાઈ પટેલ, ભવદીપભાઈ પટેલ, સંદીપભાઈ પ્રજાપતિ, શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓ સાથે મળીને શરુ કરી છે. જેમાં શાળામાં સુંદર કિચન ગાર્ડન બનાવ્યો છે. આ શાકભાજીનો ઉપયોગ મધ્યાહન ભોજનમાં શરુ કરવામાં આવ્યો છે. સી.આર.સી. ઘનશ્યામભાઈ પટેલ, બી.આર.સી. મનીષભાઈ પટેલ, તાલુકા શિક્ષણ અધિકારીનું પણ આમાં માર્ગદર્શન મળી રહે છે. એસ.એમ.સી. સભ્ય કમલેશભાઈ પટેલ અને અન્ય એસ.એમ.સી. સભ્યો અને ગામલોકોએ શિક્ષકોના આ કાર્યની પ્રસંશા કરી હતી.



## નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ધનસુરા તાલુકાના વિદ્યાર્થીને ત્રણ બ્રોન્ઝ મેડલ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના લાલપુર(કીડી) ગામના ઝાલા સજ્જનસિંહ મૂળસિંહ એ નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશીપ ૨૦૨૦માં ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. તેમણે આ સિધ્ધી હાંસલ કરી ગામ અને રાજયની નામના વધારી છે. તેમના પિતા મૂળસિંહ પરબતસિંહ ઝાલા જેવો પુંસરી હાઈસ્કૂલમાં વ્યાયામ શિક્ષક તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા છે અને તેમની પણ વ્યાયામ શિક્ષક તરીકે આજુબાજુના વિસ્તારમાં લોકપ્રીયતા છે. ઝાલા સજ્જનસિંહએ જણાવ્યું હતું કે આ સિધ્ધી મેળવવા પાછળ મારા પિતા અને જનરલ સેક્રેટરી પ્રીતિ બારૈયાનો આભાર વ્યક્ત કરૂ છુ જેમને મને માર્ગદર્શન પૂરૂ પાડેલ. આ સમાચારથી આજુબાજુના વિસ્તારના લોકોએ ખુશી વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# ધનસુરાના કનાલ ગામે છોકરાઓની સામાન્ય બબાલ હત્યામાં પરિણમી

## રિક્ષાચાલકની હત્યા ગામના જ શખ્સોએ કરી : ૧૩ આરોપીઓ સામે ગુન્હો નોંધાયો ૪ આરોપીઓને ઝડપી પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા

ધનસુરા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં ગુનાખોરીનું પ્રમાણ કૂદકેને ભૂસકે વધી રહ્યું છે. જિલ્લામાં ગત માસમાં લાશો મળવાના સીલસીલા સાથે ચોરી અને લૂંટ સહિતના ગુનાઓ પ્રકાશમાં આવ્યા હતા. ત્યારે શુક્રવારના રોજ જિલ્લાના ધનસુરા તાલુકાના કનાલ ગામે એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે છોકરાઓની બાબતમાં ઝઘડો થયો હતો. જો કે ઝઘડા બાદ સમાધાન પણ બે જૂથો વચ્ચે થઈ ગયું હતું. પરંતુ બીજા દિવસે શનિવારે ઝઘડાની અદાવત રાખી રીક્ષા લઈને આવી રહેલ ઈસમ ઉપર ૧૫ થી ૨૦ ના ટોળાએ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં રીક્ષાચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસને જાણ થતાં અને ગામમાં તંગદીલીનો માહોલ સર્જાતાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

કેટલીકવાર સામાન્ય બાબત ગંભીર સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે. માણસ પોતાના ગુસ્સા ઉપર કાબુ ન કરી શકે ત્યારે માઠા પરિણામો ભોગવવા પડતા



હોય છે. આવો જ એક કિસ્સો ધનસુરા તાલુકાના કનાલ ગામે બન્યો હતો. શુક્રવારના રોજ એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે છોકરાઓની કોઈ બાબતને લઈને ઝઘડો થયો હતો અને આ ઝઘડાએ ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું. જો કે થોડા સમય બાદ બંને જૂથો વચ્ચે સમજાવટથી સમાધાન થયું હતું.

બે જૂથો વચ્ચે થયેલ સમાધાન બાદ શનિવારે કનાલના ભલાજી જોધ્ધાજી ખાંટ ઉ.વ.આ.૫૦ પોતાની રીક્ષા લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ૧૫ થી ૨૦ માણસોનું ટોળું એકાએક રસ્તામાં આવી ગયું હતું અને મારામારી કરી દીધી હતી. ૨૦ જેટલા માણસોના ટોળાએ મારઝુડ કરતાં સ્થળ ઉપર જ ભલાજીનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગેની જાણ કનાલ ગામના અને તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય સુબાજીને થતાં તેઓએ તાત્કાલીક અરવલ્લી જિલ્લા પોલીસવડાને જાણ કરી હતી. જેના પગલે જિલ્લા પોલીસવડાએ ધનસુરા પોલીસ મથકે જાણ કરી તાત્કાલીક કનાલ ગામે રવાના કર્યા હતા. મારામારીમાં આધેડનું મોત થતાં નાનકડા ગામમાં તંગદીલીનો માહોલ સર્જાયો હતો. જે માહોલ પોલીસે પારખી ગામમાં પોલીસનો ખડકલો કરી દેવામાં આવ્યો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે ફરિયાદી પક્ષે ૧૫ જેટલા લોકો સામે ફરિયાદ નોંધાવવાની માંગ કરતાં તે પૈકીના ત્રણની ધરપકડ કરવામાં આવી હતી અને બાકીનાની શોધખોળ ચાલુ હોવાનું પોલીસતંત્રમાંથી જાણવા મળ્યું. સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસ દ્વારા ફરિયાદ નોંધવાની કાર્યવાહી ચાલુ હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું.

# વડગામના લીંબોઈ નજીક કાર ઝાડ સાથે અથડાતાં એકનું મોત

વડગામ,

વડગામ ના લીંબોઇ નજીક કાર ધડાકાભેર રોડની સાઈડમાં ઉભેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઇ જતાં અકસ્માત સર્જાયો હતો.જેમા એક નું ઘટના સ્થળે એકનું મોત નિપજ્યું હતું.જયારે ચાર જણને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર અર્થે લઈ જવાયા હતાં.

વડગામ તાલુકાના લીંબોઇ નજીક કાર ની બ્રેક ફેલ થઈ જતા કાર ઝાડ સાથે ધડાકા ભેર અથડાઇ જતાં અકસ્માત સર્જાયો હતો.જેમાં ઘટના સ્થળે એક વ્યક્તિ નું મોત થવા પામ્યું હતું.જયારે કારમાં બેઠેલા અન્ય ચાર વ્યક્તિઓ ને ઈજાઓ થવા પામી હતી આ અંગેની જાણ ૧૦૮ ને કરાતાં વાનના પાયલોટ તુલસીભાઈ તથા ઈએમટી સામંતસિંહ સોલંકી ઘટના સ્થળે પહોંચી ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે લઈ જવાયા હતા અકસ્માત નો ભોગ બનેલ વ્યક્તિ ઓ પાલનપુર તાલુકાના ગઠામણ ગામના હોવાનું જાણવા મળી રહ્યું છે.અકસ્માત ની જાણ થતાં જ ઘટના સ્થળે લોકોના ટોળાઓ ઉમટી પડ્યા હતા. જગદીશ શ્રીમાળી વડગામ ફોટા મોકલ્યા છે.

# પ્રાંતિજના ઝાલાની મુવાડી ગામના દલિત પરિવારો દ્વારા પ્રાંતિજમાં તંબુતાણી વસવાટ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઝાલાની મુવાડી ગામના દલિત પરિવારો છેલ્લા પાંચ દિવસથી પ્રાંતિજ ખાતે તંબુ બાંધી વસવાટ કરે છે. બાળકોના



અભ્યાસ ઉપર પણ માઠી અસરો પડી રહી છે તો આવનાર દિવસમાં કલેકટર કચેરી ખાતે ધરણાં કાર્યક્રમ યોજાશે.

હજુ પણ આઝાદીના વરસો બાદ પણ દલિતોની હજુ અવગણના થઈ રહી છે તેવા ઉપરા ઉપરી કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામમાં લગ્ન પ્રસંગે ગામમાં ડીજે ના વગાડવા દેવાને લઈને ભારેલા અગ્ની જેવી સ્થિતિ પેદા થઈ હતી. પ્રાંતિજ પોલીસ



સ્ટેશનમાં ૩૩ પુરુષો તથા ૨૦ થી ૨૫ મહિલાઓ સામે પોલીસ ફરીયાદ થઈ હતી. પોલીસ દ્વારા પોલીસ ચોપડે લખાયેલા આરોપીઓને પકડવા બળ પ્રયોગો કરવામાં આવ્યો હતો અને ગુનેગારોને પકડવાને બદલે મહિલાઓ તથા આરોપીઓના ઘરે તોડફોડ કરી વાહનોની હવા કાઢવા સહિતનો બળ પ્રયોગ કર્યો હોવાની ફરીયાદ પણ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા પ્રાંતિજ પ્રાન્ત કચેરી તથા પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપી ને રજુઆતો કરી હતી અને આરોપીઓ સિવાય નિર્દોષોને હેરાન ના કરવા રજુઆતો કરી હતી. પોલીસના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ ફરીયાદીના મકાન પાસેના વાડામાં રહેલા લાકડાંઓને આગ ચાંપી થતાં ઝાલાની મુવાડીના દલિત સમાજના પરિવારોમાં ડર પેદા થઈ જતાં તેવો પ્રાંતિજ ખાતે આવેલ ગ્રીનપાર્ક



સોસાયટીમાં તંબુ બાધીને વસવાટ કરે છે.

પોલીસ દ્વારા કુલ-૨૮ ગુનેગારોની અટકાયત કરવામાં આવી છે ત્યારે હાલ તો તેવોના દલિત પરિવારો અહી તંબી બાંધી રહે છે ત્યારે તેવોના ધંધા રોજગાર સહિત તેવોના બાળકોના અભ્યાસ ઉપર પણ માઠી અસરો પડશે ત્યારે દલિત પરિવારના લોકો જણાવી રહ્યાં છે કે હજુ પણ અમને અવારનવાર ફોન ઉપર ધમકીઓ પણ મળે છે ત્યારે દલિત પરિવારો દ્વારા જો અમને ન્યાય નહી મળે તો અમે આવનાર દિવસોમાં કલેકટર કચેરી ખાતે ધરણાંનો કાર્યક્રમો યોજશે તેવી ચિમકીઓ પણ ઉપચારી છે.

# પ્રાતિજ બજારચોકના બે હાઈ માસ્ક તથા સ્ટ્રીટલાઈટોની એલઈડી નાંખવાના ધાંધિયા

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજનો હાર્દ સમાન જૂનો અને જાણીતો વિસ્તાર બજારચોક છે. જયાં બે હાઈમાસ્ક વીજ થાંભલા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા લગાવવામાં આવ્યા હતા. જે લગભગ છેલ્લા ૬ મહિનાથી બજાર ચોક પોલીસ ચોકી પાસે તથા બજાર ચોક રીક્ષા સ્ટેન્ડ પાસેનો હાઈ માસ્ક થાંભલા ઉપરની લાઈટો બંધ છે. જેના લીધે રાત્રે બજારના વેપારી ભાઈઓ સ્થાનિક રહીશો તથા નાની ભાગોળથી ભાંખરીયા તરફ અવર-જવર કરતા લોકોને તકલીફ પડે છે. તો વળી ગયા અઠવાડિયે નાની ભાગોળ વિસ્તારમાં ચોરો આવ્યા હતા. તેથી અહીં અંધારાને લીધે આ વિસ્તારના વેપારીઓ તથા રહીશોને ચોરી કે લૂંટ જેવી ઘટનાની ચિંતા સતાવે છે.

આ બંન્ને હાઈમાસ્ક થાંભલાની તમામ લાઈટો તાત્કાલિક ધોરણે ચાલુ કરાવવામાં નહીં આવે અને ચોરી કે કોઈ પણ અનિચ્છનીય બનાવ બનશે તો તેના માટે જવાબદાર કોણ ? આ બંન્ને હાઈ માસ્ક થાંભલા ઉપર આવેલ તમામ લાઈટો ચાલુ કરાવવા કોર્પોરેટર મોહસીન છાલોટીયાએ ચીફ ઓફિસર તથા નાયબ કલેકટરને રજુઆત કરી છે.

આ ઉપરાંત નગરમાં હયાત અન્ય સ્ટ્રીટ લાઈટોની એલ.ઈ.ડી. ઉડી જતાં તે રિપ્લેસ થતી નથી. જેથી નવી નાંખવામાં આવતી નથી. પ્રાંતિજ નગરમાં ચોરોનો ડોળો છે. ત્યારે પાલિકાના સત્તાધિશો બંધ સ્ટ્રીટલાઈટોને સત્વરે ઝળાંહળાં કરે તેવી લોકોની લાગણી અને માંગણી છે. તો વળી કયાંક-કયાંક તો ૨૪-૨૪ કલાક સ્ટ્રીટલાઈટો ચાલુ રહે છે. તેવુ કેમ ? તે પ્રશ્ન પ્રજાજનો પૂછી રહ્યા છે.



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના મહાવીરનગરમાં નવ નિર્મિત ઉમિયા માતાજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો અને સહસ્ત્રચંડી યજ્ઞનો સોમવારથી પ્રારંભ થવાનો છે ત્યારે રવિવારે દેહશુદ્ધિ પૂજા ૧૧ બ્રાહ્મણો દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૧૫૧ યજમાનો પાટલા પર બેઠા હતા અને મંત્રોચ્ચાર દ્વારા પાટલા પૂજન કરવામાં આવ્યું હતું. આવતીકાલથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થશે.

# ડીસામાં રબારી સમાજના વડીલો અને યુવાનોની યાદમાં રકતદાન-શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

## ડીસાના સરકારી ગોગા મહારાજના મંદિરે રબારી સમાજની મીટીંગ યોજાઈ

ડીસા, તા. ૨૪

રબારી સમાજના કેટલાક આગેવાન તેમજ યુવાનોના સમાજ ડીસા અને સમસ્ત રબારી સમાજ દ્વારા રકતદાન જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાનાર છે. જેના આયોજન માટે રવિવારે શ્રી ગોપાલ સેના રબારી સમાજ ડીસા અને સમસ્ત



અકાળે અવસાન બદલ રબારી સમાજ દ્વારા રકતદાન થકી શ્રદ્ધાંજલિ આપવા યોજાનાર કાર્યક્રમના આયોજન માટે ડીસા ખાતે ગોપાલ સેના રબારી સમાજની મીટીંગ યોજાઈ હતી.

શ્રી ગોપાલ સેના રબારી ચલાવવામાં આવે છે. ત્યારે તાજેતરમાં આકસ્મીક અવસાન પામેલ વડીલો અને યુવાનોની યાદમાં આગામી ૧ માર્ચને રવિવારના રોજ રબારી ગોપાલક છાત્રાલય ડીસા ખાતે રકતદાન અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રબારી સમાજની મીટીંગ શ્રી સરકારી ગોગા મહારાજ મંદિર ડીસા ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે ગોપાલ સેનાના હોદેદારો અને યુવાનોએ હાજર રહી રકતદાન કેમ્પને સફળ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.